સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ચીન સામે જીતી શકે એવું તો આ શાસન નથી!
રહે સૌ અણી-શુદ્ધ એવું આપણું રશન નથી!!
ભાષણ એવું હોતું નથી કે ભયથી ભાગી જાય! -
ટ્રંપના ખોળા વિના, બીજું કોઈ આશ્વાસન નથી!
(એક ઈંચ નહીં આપીએ, કિ.મી.ની વાત કરો!!)

હાઈકુ

ભારત પર
કોરોના - ચાઈનાનાં
મંડરે ગીધ!!
(સાવધાન રહો)

પાડો નિયમ -
આંખ ખૂલી રાખીને -
કાં, થશે બંધ !!
(સાવચેત રહો)

ચિંતન

માલાકારસ્ય વૃત્યેવ સ્વપ્રજારક્ષણેન ચ,
શત્રુંહિ કરદીકૃત્ય તદ્ધનૈઃ કોશ વર્ધનમ્ ।
કરોતિ સ નૃપઃ શ્રેષ્ઠો મધ્યમો વૈશ્યવૃત્તિનઃ
અધમઃ સેવયા દંડ તીર્થ દેવકર ગ્રહૈઃ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

કોઈ માળી જેમ બગીચામાં ઊગેલા નકામા છોડ-ઘાસ કાપી નાખે અને માત્ર ઉપયોગી છોડવા-વૃક્ષોને જ પાણી સીંચીને જેમ બગીચાની શોભા વધારે છે, તેમ, રાજાએ પણ પોતાની પ્રજાનું સારી રીતે રક્ષણ કરવું, રાજામાં વેપારી વૃત્તિ ન હોવી જોઈએ અને એ વૃત્તિ દ્વારા પોતાના રાજયની તિજોરી પણ ન ભરવી જોઈએ. તીર્થ -દેવસ્થાનો પર કર ન લાદવો જોઈએ.

રાજાની પાસે કરકસરભરી દૃષ્ટિ હોવી જોઈએ. ખોટા ખર્ચા, કોણ, કેવી રીતે અને ક્યાં કરે છે તે પણ તપાસવું જોઈએ. ખોઈ ખાઈને ચલાવતાં એકમો રાજા બંધ કરે તે જ પ્રજાના હિતમાં છે.

સુવિચાર

- જીવન પટને સચ્ચાઈ, સાદાઈ અને સંતોષના તાણાવાણા વડે ગુંથી લેશો તો સુખ સામે પગલે તમને શોધતું આવશે - **સંત પુનિત**
- કોઈભી તબ તક એક અચ્છા શિક્ષક નહીં બન સકતા, જબ તક કી વહ ખુદ એક અચ્છા વિદ્યાર્થી નહીં બન જાતા - **શિવ ખેરા**
- સાચા વિચારવાળો માનવ વગર અભ્યાસે જ કપટ વગરનો રહી શકે છે - **ડો. સેમ્યુઅલ જહોન્સન**
- આજકાલનો માનવી તો પોતાના પાપમાં પણ પરમાત્માનો સાથ શોધતો રહ્યો છે - **બકસ્ટોન**
- માનવી ઈશ્વરને પ્રાર્થના કરે છે ત્યારે પોતાનામાં પલટો થાય એવું માગવા કરતાં પરિસ્થિતિ પલટાઈ જાય તેવું વિશેષ પ્રાર્થે છે - **સંત ઓગસ્ટીન**
- વર્તમાનનો ભાર અસહ્ય હોતો નથી, પરંતુ તેમાં ભવિષ્યનો બોજ તમે ભેળવો, ત્યારે જ તે અસહ્ય બને છે - **રૂમાગો**
- આજનું ઔષધ : ચેરી (ફળ)ની સિઝનમાં રોજ દસ ચેરી ખાવાથી હાથ-પગ દુઃખતા હોય તો મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બેન્જામીન ફ્રેંકલીન લેખક, મુદ્રક અને પ્રકાશક પણ રહી ચૂક્યા હતા. યુવાનીમાં તેઓ ભેજાબાજ તથા માથા ફરેલ ગણાતા હતા. કોઈની પણ સાથે ચર્ચામાં ઉતરી ને અદ્‌ભૂત વાકચાતુર્ય અને દલીલોથી ભલભલાને પરાજીત કરવું તેમને માટે સરળ હતું. કોઈ તેમની વિરુદ્ધ અભિપ્રાય આપે તે સહેજે સાંખી શકતા નહીં. એમની આદતો અને ઉગ્ર સ્વભાવની વાતો ચર્ચના ફાધરને કાને પહોંચી. એક રવિવારે પ્રાર્થના સભા પૂરી થયા બાદ ફાદરે ફ્રેન્જામીનને પોતાના રૂમમાં બોલાવ્યા અને કહ્યું, 'તું તારા મનમાં સમજે છે શું? તારાથી જે વિરુદ્ધ હોય તેના પર તારો મત લાદવાનો પ્રયત્ન કરે છે? તારા મિત્રો તારાથી ખફા થયા છે. તેઓ તારી હાજરી કરતાં તારી ગેરહાજરીથી વધુ ખુશ રહે છે. તું તારા વર્તનથી પોતાને જ્ઞાન સમુદ્રના પાણીના એક ટીપાં જેટલું છે. આટલી સુક્ષ્મ જાણકારી અને આટલો બધો રુઆબ વ્યાજબી નથી. જો આવું જ વર્તન કરીશ તો તું કશું વધારે જાણી શકવાનો નથી.' ફાધરની વાત સાંભળી બેન્જામીન તો સ્તબ્ધ થઈ ગયા. એમને જિંદગીમાં પહેલીવાર કોઈએ ઠપકો આપ્યો હતો. પરંતુ તેમણે સ્વસ્થ મને ફાદરની કડવી વાત હસતે મુખે સ્વીકારી લીધી. ફાદરનો આપેલો ઠપકો એમને માટે આત્મચિંતનનો માર્ગ બન્યો. એમને જ્ઞાન થયું કે દુરાગ્રહી સ્વભાવ તેમને બદલવો જ પડશે નહી તો તે સફળતા નહીં આંબી શકે. એ દિવસથી એમને પોતાના વ્યક્તિત્વમાં પરિવર્તન લાવવા માટે નિશ્ચય કર્યો.

રાજસ્થાન : સત્તાલાલસાનું નવું કુરુક્ષેત્ર

તંત્રીસ્થાનેથી...

કેન્દ્ર સરકારના બે સમર્થ સૂત્રધારોએ દેશમાંથી કોંગ્રેસને નામશેષ કરી નાખવાની પ્રતિજ્ઞા લીધેલી છે. કર્ણાટક અને મધ્યપ્રદેશ પછી એમના આ રાજકીય અશ્વમેધનો ઘોડો જયપુર પહોંચ્યો છે. જાદુગર પિતાના પુત્ર અને વરિષ્ઠ કોંગ્રેસી નેતા વર્તમાન મુખ્યમંત્રી અશોક ગહલોત છે તો જાતના માળી, પણ રાણા પ્રતાપની જેમ દિલ્હીની જોહુકમી સામે ઝઝૂમી રહ્યા છે. સચીન પાઈલટની મુખ્યમંત્રી બનવાની મંશા અધૂરી રહેતાં તેઓ બીજા નંબરનું સ્થાન મળ્યા છતાં પહેલાં જ દિવસથી ગહલોત સરકારને પાડવાનું કાવતરું કરી રહ્યા હતા એવો મુખ્યમંત્રીનો આક્ષેપ વજૂદવાળો લાગે છે. સચીનને નાની ઉંમરે મોટું પદ મેળવી લેવાના અભરખા જાગ્યા એની પાછળ પણ એક ઊંડું રહસ્ય છુપાયેલું છે. એમના પિતા રાજેશ પાઈલટ વડાપ્રધાન બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા હતા પરંતુ કાચી ઉંમરે અકસ્માતમાં માર્યા ગયા હતા. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના અસંતુષ્ટો અને સવિશેષ યુવા નેતાઓને સકંજામાં લેવાની વ્યૂહરચના અપનાવી છે અને એમાં એને સફળતા પણ સાંપડી છે. મધ્યપ્રદેશમાં ગ્વાલિયરના પૂર્વ રાજવી પરિવારના ફરજંદ જયોતિરાદિત્ય સિંધિયાને એણે સિફત પૂર્વક બળવો કરાવી એનું વળતર ચૂકવ્યું છે. સિંધિયા ટૂંક સમયમાં મોદી કેબિનેટના મંત્રીપદે શપથ લેશે અને ભવિષ્યમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રીપદના દાવેદાર બની રહેશે. સચીન પાઈલટને તો અત્યારે જ ભાજપના પ્રદેશ એકમના સહયોગથી રાજસ્થાનની ગાદી પર બેસાડી દેવાની કેન્દ્રીય નેતાગીરની તૈયારી છે. આ લાલચને કારણે જ રાહુલ ગાંધીના દિલોજાન દોસ્ત એમને મળવા નથી જતા અને બળવાખોર સાથીઓને ગુરુગ્રામ (હરિયાણા)ની મહેમાનગતિ કરાવી રહ્યા છે. રાજસ્થાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા સી. પી. જોષી પણ અગાઉ મુખ્યમંત્રી પદના દાવેદાર ગણાતા હતા પરંતુ 'ગાંધી પરિવાર' સાથે ગહલોતની ઘનિષ્ઠતા જોયા પછી એમને સ્પીકર પદથી સંતોષ માન્યો હતો. હવે જયારે સાવ નવો સવો જુવાનિયો રાજસ્થાનમાંથી કોંગ્રેસનો કાંટો કાઢી નાખવા ભારતીય જનતા પાર્ટી સાથે મળીને ષડયંત્ર કરી રહ્યો છે ત્યારે સી પી જોષી સ્વાભાવિક રીતે જ ઢળતી વયે અશોક ગહલોત સાથે અડીખમ ઊભા છે. સ્પીકરને મળેલા વિશેષાધિકારો મુજબ તેઓએ સચીન સહિત બળવાખોર ધારાસભ્યોના આખા જૂથને કયારનુંય એનું સ્થાન બતાવી દીધું હોત - કાયદા મુજબ એમનું ધારાસભ્ય પદ જ છીનવાઈ ગયું હોત પરંતુ સચીન પાઈલટને સુપ્રીમ કોર્ટ અને એ પછી રાજસ્થાન હાઈકોર્ટના સંરક્ષણનો ગેરફાયદો મળી રહ્યો છે. કેન્દ્ર સરકાર અને અદાલતોની રહેમનજર હેઠળ સચીન પાઈલટની આશાનો દીવડો બુઝાતો નથી. જયારે મુખ્યમંત્રી ગહલોત પાસે સભ્ય સંખ્યાની રૂએ પૂરતી બહુમતી હોઈ તેઓ તત્કાળ વિધાનસભાના ફલોર પર પોતાની બહુમતી સિદ્ધ કરવા ઉતાવળા થયા છે. દેખીતું છે કે ખરીદવેચાણ કળામાં ભારતીય જનતા પાર્ટીએ બધા વિક્રમો તોડીને અત્યાર સુધી ગુજરાત સહિત ઘણાં રાજયોમાં કોંગ્રેસને હાંસિયે ધકેલી દેવામાં સફળતા મેળવી છે. ગુજરાતમાં રાજયસભાની ચૂંટણીમાં કોંગ્રેસ બે બેઠકો જાળવી ન શકી તે એનો નેત્રદીપક પુરાવો છે. છેલ્લે ગહલોતે રાજભવનમાં જ અડિંગો લગાવી વયોવૃદ્ધ રાજયપાલની ઊંઘ હરામ કરી દીધી છે. રાજયપાલ ધારે તો કાલે જ વિધાનસભાનું સત્ર બોલાવી સકે છે, બલકે કલમ-૧૭૪ અન્વયે તેઓની એ બંધારણીય ફરજ પણ બની રહે છે. એમને જતી ઉંમરે પાર્ટી અપમાનજનક સ્થિતિમાં મૂકી દે એવો ડર સતાવતો લાગે છે. કોરોનાનું કારણ બતાવીએ આવી વિકટ પરિસ્થિતિમાં બળવાખોરોના આડકતરા સમર્થનમાં મુખ્યમંત્રીની રજૂઆતને ફગાવવી તે બંધારણનું અપમાન જ ગણાશે. પરંતુ 'એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉર' - એ કહેવત મુજબ ભારતીય લોકશાહીના આ અદ્યતન કુરુક્ષેત્રમાં કૃષ્ણની ભૂમિકા ભજવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમની પ્રતિસ્પર્ધી પાર્ટીને ધૂળ ચટાડવા ગમે તેવી તેવી કૂટનીતિ અપનાવી શકે છે!

આ ઓન ને ઓફલાઈન વચ્ચેની મહામારી છે !

આરપાર

રાઘવજી માધડ

બુધાલાલે પોતાની દુઝણી ભેંસ વેચી,ઓનલાઈન એજ્યુકેશન માટે સંતાનને સ્માર્ટ મોબાઈલ ખરીદી આપ્યો. હવે જયારે એક સાથે સ્કુલ ફી ભરવાની આવશે ત્યારે બુધાલાલ શું વેચશે..? એ સમય પર છોડી દઈએ.સંતાન માટે સઘળું કરી છૂટવાની ભાવના સમજાય એવી છે.પણ આ બધું દેખાદેખી કે અદ્ધકચરી સમજથી થતું હોયતો તેમાંથી છટકવું ને અટકવું જોઈએ. મોંઘીના બદલે સોંઘી સ્કુલ માટે વિચારવું જોઈએ.

એક તો વિદ્યાર્થી, પરીક્ષાર્થી જેવો ગયો છે તેમાં કોરોનાની કઠણાઈ આવી.વિદ્યાર્થી ભણવાનું ભૂલી જશેના બૂમરાણ વચ્ચે,ઓનલાઈન આવ્યું.ત્યાં વળી ઓફલાઈન પણ આવ્યું ! આ 'ઓનલ્લ અને 'ઓફલ્લ વચ્ચે વિદ્યાર્થી બરાબરનો ભીંસાયો છે.અને વાલી માટે દુઃખના માર્યા વનમાં ગયાં તો વનમાં પણ લાગી આગ, હવે જાવું ક્યાં !? કોરોનાની મહામારી કરતા આ શિક્ષણની હાડમારી માથું કાઢવા લાગી છે !

સંતાનને કઈ સ્કુલમાં ભણાવવું તેવાલીએ જોવાનું છે.જેને જે પોસાય,પરવડે તે કરે.પણ આ સારી ને નબળી સ્કૂલ માટેના ખ્યાલો ફેરવિચારણા માગી લે એવા છે.ઘોડા છૂટી ગયા પછી તંત્ર તબેલે તાળા મારવા લાગ્યું ને વળી કોઈએ ઓનલાઈન માટે હાથ અદ્ધર કરી દીધા...આ કપરાકાળમાં વાલીએ વિચાર વા જેવું છે:સંતાન જ્યાં ભણે છે ત્યાં એવું શું છે,જે આ તંત્ર હસ્તકની સ્કુલોમાં નથી ! હા,ખામીઓ સાથે ખૂબી ઓ પણ હશે.તંત્રની સ્કુલોમાં વેલ એજ્યુકેટેડ શિક્ષકો,ઘણીખરી ભૌતિક સુવિધાઓય ખરી પણ...ને સૌથી મોટું કાંઈ હોયતો ભરોસો, વિશ્વાસ. જીવના જોખમે ઘરે આવીને વિદ્યાર્થીને માર્ગદર્શન આપે...આવું માનવીય, સંવેદનશીલ શિક્ષણ બીજે ક્યાં મળે !? સત્યને ભલે જીવીએ નહી, પણ જાણીએ તો ખરાં !

કોઈ બ્યુટીપાર્લરમાંથી બહાર આવેલી રૂપકડી કન્યા જેવી સ્કૂલમાં પટ..પટ..પઢતું પોપટ કે પાટલી એ ચોંટાડેલું પતંગિયું એ શિક્ષાર્થી હોઈ શકે,વિદ્યાર્થી નહીં.ઘણીવાર હોય એવું દેખાતું નથી અને દેખાય એવું હોતું નથી.છાશ દૂધ જેવી ભલે દેખાય પણ ઉજળું એટલું દૂધ નથી હોતું ! જે લોકો પોતાના સંતાનને અમુક સ્કૂલમાં ભણાવવામાં સામાજિક મોભો સમજતાં હોય એને ઓફલાઈન મુબારક.હા,અહી તંત્રની સ્કુલની તર ફેણ ને અન્ય સ્કૂલો સામે અણગમો...જરાય નથી.તંત્રની સ્કૂલોથી જ શિક્ષણ ચાલેએ પણ જરૂરી નથી. પણ ખરા સમયે લટકાવીને ભટકાવી દે ત્યારે તેનાથી ચેતી જવું જોઈએ.જે સંબંધમાં સડો લાગે તેનો છેદ કર વામાં જ શાણપણ ગણાય.વળી તંત્રએ ઓનલાઈન એજ્યુકેશનની ખાતરી આપી છે ત્યારે,જેવું આપે તેવું... પણ સ્કૂલ-શિક્ષણમાં બદલાવ લાવવા માટેની આ તક ઝડપી લીધા જેવીછે,સુજ્ઞજને જતી કરવા જેવી નથી.

ગમે ત્યાં વાવો પણ બોરડીમાં બોર ને આંબામાં કેરી જ આવે...કોઈએ બાવળમાં કેરી લાવી દીધી હોય એવું બતાવો ! કૂવામાં હોયતો હવાડામાં આવે...એ કહેવત પણ બદલાઈ છે :કૂવામાં હોય એવું જ હવા ડામાં આવે ! શિક્ષણમાં ઘણું બાળક આધારિત પણ હોય છે.કોઈ સ્કૂલ ઊંચું મેરીટ લાવવામાં માસ્ટરી ધરાવતી હશે પણ માત્ર મેરીટ એ વિદ્યાર્થીના વિકાસનો માપદંડ નથી.સમય બદલાયો છે.આપણે પણ બદલાવું પડશે...વરસ પણ ચાલ્યું જવામાં છે,ત્યારે તંત્રની સ્કુલમાં ભણાવવાનો અખતરો કરવા જેવો છે !

છેલ્લે : જેમનું સંતાન તંત્રની સ્કુલમાં ભણ્યું કે ભણતું હોય તેને આવું કહેવાનો અધિકાર મળતો છે. અન્યથા ગટરમાં પગ રાખી, ગંગાજળ વિશે વાત કરવી વાજબી હોતું નથી !

http://raghavjimadhad.blogspot.com
– email: ra_madhad13@yahoo.com
મો.૯૪૨૭૦ ૫૦૯૯૫

ઓનલાઈન શિક્ષણની અનિવાર્યતા કેટલી ?

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોનાકાળના આરંભથી વિશ્વના તમામ દેશોની આંતરિક વ્યવસ્થા, સંચાલન અને પરંપરામાં મહાપરિવર્તનો આવી રહ્યા છે. અને આ મહાપરિવર્તનોને સ્વીકારવા દરેક દેશોની પ્રજા તૈયાર નથી. વૈશ્વિક કક્ષાના મહાપરિવર્તનો સાવ એમ જ નથી આવતા, એ મહાવિનાશ લઈને જ આવે છે. કેમ કે મહાવિનાશની ઘટના જ મનુષ્યની આંતરિક આંખ ખોલી શકે છે. જે અત્યારે બની રહ્યું છે. કોરોના પછી જગતની આર્થિક, સામાજિક, પારિવારિક, રાજનીતિક, ધાર્મિક બધા જ પ્રકારની વિભાવનાઓ બદલાઈ જવાની છે. અને જે વ્યક્તિ આ મહાપરિવર્તનને સમજીને સ્વીકારશે એ સારી રીતે જીવી શકશે અન્યને સમાજ અને સરકાર સાથે મહાસંઘર્ષ કરવો પડશે.

સમગ્ર વિશ્વની જેમ ગુજરાતમાં પણ શિક્ષણની સ્થિતિ સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. આપણે ત્યાં શિક્ષણની અનેક ઉત્તમ પરંપરાઓ લૂપ્ત થઈ ગઈ છે. જંગલોમાં ઋષિમૂનિઓના આશ્રમોમાં અપાતા શ્રેષ્ઠ શિક્ષણથી લઈને આજની ૨૧મી સદીમાં અપાતા ઓનલાઈન શિક્ષણ સુધીના સમયગાળાને તપાસીશું તો ખ્યાલ આવશે કે શિક્ષણનું સાચું મૂલ્ય ક્યા સમયગાળામાં પ્રગટ થયું છે. પણ જે તે સમયગાળાનું શિક્ષણ જે તે સમયને આધિન હતું.

અત્યારના સમયની વાત કરીએ તો કોરોના પછી દેશભરની તમામ શાળાઓ, કોલેજો બંધ છે. અને આ મહામારીનો હજી કોઈ અંત દેખાતો નથી. તેથી સામાન્ય પરિસ્થિતિ બનતા હજી કેટલો સમય લાગશે એ કોઈ નથી જાણતું. તેથી બે ત્રણ મહિના તો શિક્ષણ બંધ રાખ્યું પણ હવે ક્યા સુધી બંધ રાખવું ? તેથી આ પરિસ્થિતિના વિકલ્પરૂપે ઓન લાઈન શિક્ષણની વૈકલ્પિક વ્યવસ્થા ઊભી થઈ અને બધી શાળાઓએ આ કાર્ય શરું કર્યું. હવે પ્રશ્ન આવ્યો ફીનો... વાલીઓ ફી ભરવા નથી ઈચ્છતા. ઓનલાઈનમાં ફી શેની ? સામે શાળાઓની દલીલો પણ સાચી છે કે શિક્ષકોના પગાર કોણ ચૂકવશે ? બીજા વહીવટી ખર્ચાઓનું શું ? અને આ બધી શિક્ષણનીતિ વચ્ચે બગડે છે વિદ્યાર્થિઓનું ભાવિ.

સૌ પ્રથમ પ્રશ્ન થાય છે કે આ ઓન લાઈન શિક્ષણની અનિવાર્યતા કેટલી છે ? શું એના વિના નથી ચાલે એમ ? કદાચ ચાર છ મહિના કે એકાદ વર્ષ બાળક નહી ભણે તો શું થશે ? આ મહામારીનો સમય છે. કાયમી તો રહેવાની નથી. અને પછી અગાઉ હતી તેમ શાળાઓ શરું થવાની જ છે. પણ નહીં. હવે અગાઉનો સમય ક્યારેય પાછો આવવાનો નથી. હવે પહેલા ચાલતી હતી એવી રીતે બધી સ્કૂલો નહીં ચાલી શકે, આ કોરોના એ આવનારા ભવિષ્યનું દર્શન કરાવી દીધું છે. તેથી હવે બધી સિસ્ટમ બદલવી જ પડશે.

હું પણ માનું છે કે બાળક સ્કૂલે જઈને અભ્યાસ કરે અને ઘરમાં ઓન લાઈન કરે એમાં ઘણો બધો ફેર પડે છે. એના સમગ્ર વ્યક્તિત્વ વિકાસના દ્વાર સ્કૂલોમાં જ ખૂલે છે. પણ જ્યારે મહામારી આવી જ છે. બહારની દુનિયા બદલાઈ રહી છે. આજે બાળકનું ઘરથી સ્કૂલે જવું એ અનેક જોખમોથી ભરેલું બની રહ્યું છે. વાયરસ ઉપરાંત આતંકવાદી પ્રવૃત્તિ, અકસ્માતો, મિત્રોના કૂસંગને કારણે લાગતી લત્તો, છેડતીના પ્રશ્નો, વારંવાર થતા દૂષ્કર્મો, ગેર પ્રવૃત્તિ, અસામાજિક કાર્યો આવી અનેક બાબતોથી બાળક કે યુવાન બચી શકશે. જો ઓન લાઈન શિક્ષણ અપાશે તો... આ સત્ય આજે નહીં તો કાલે સ્વીકારવું જ પડશે. શાળામાં ભણવાના બીજા અનેક લાભો છે. પણ હવે એ પરિસ્થિતિ જ રહી નથી તો નવા વિકલ્પો સ્વીકારવા જ પડશે.

આમ જોઈએ તો શિક્ષણનો મૂળ આશય સેવા, સંસ્કાર અને શિક્ષણ આપવાનો છે. પરંતુ આજે શિક્ષણ એક વ્યાપાર બની ગયું છે. મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ કરતા વ્યાપાર વધુ કરે છે. અને હવે આ વ્યાપાર બંધ થાય તો સાહજિક છે કે ના ગમે, કેમ કે લાખો કરોડો રૂપિયાના રોકાણ કરીને સ્કૂલ બનાવી હોય છે અને આમ અચાનક.... પરિસ્થિતિ બદલાય તો કેવી રીતે સ્વીકારી શકાય ? જો કે આ સંઘર્ષ સરકાર અને શાળા સંચાલકોનો છે. પણ આજે ઓન લાઈન શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે. ગરીબ બાળકો આ શિક્ષણ કેવી રીતે લઈ શકશે ? એવા પ્રશ્નો છે પણ એની વ્યવસ્થા સરકાર અને ગરીબો કરશે જ. અને આજે લગભગ એકેય ગરીબ એવો નહીં હોય જેની પાસે એન્ડ્રોઈ મોબાઈલ નહીં હોય. તેથી ઓન લાઈન ધીમે ધીમે સર્વ સ્વીકૃત બનશે જ... અને હવે અમસ્તુ ય માણસોનું સ્થાન મશીનો, રોબોટ લઈ રહ્યા છે. હવે કરોડોની જમીનો ઉપર મોટી મોટી બિલ્ડીંગો બનાવીને સ્કૂલો ચલાવવાનો સમય પુરો થયો છે. કેમ કે ઓન લાઈન શિક્ષણના બીજા ફાયદા પણ ઘણા છે. સર્વપ્રથમ તો એ સસ્તું પડશે, અને સૌથી સૂરક્ષિત છે. આ બે જ ફાયદા એને જલદીથી સર્વસ્વીકૃત અને લોકપ્રિય બનાવશે. રહી વાત વ્યક્તિત્વ વિકાસની તો એને માટે નવી વ્યવસ્થા વિચારાશે. સ્કૂલોની જેમ એમાંય નવો બિઝનેશ શરું થશે અને ચાલે પણ છે.

હું માનું છું કે બહું જલદીથી એકાદ બે વર્ષમાં જ ઓન લાઈન સ્કૂલની સરકાર મંજુરીઓ આપવાનું શરું કરશે. હવે જો આમ થયું તો જે જે કરોડો રૂપિયાના ખર્ચે શિક્ષણના શો રૂમ ખૂલ્યા છે તેમનું શું થશે ? અને હા... હજી આ વાત ટાટા, બિરલા, અદાણી કે અંબાણીને ખબર નથી કદાચ... જો તેઓ આ ઓન લાઈન શિક્ષણમાં ઝંપલાવશે તો દેશની મોટાભાગની સ્કૂલોને તાળા મારવા પડશે. કેમ કે એમનાથી સસ્તુ શિક્ષણ કોઈ આપી શકવાનું નથી. અને અંબાણી બંધુઓ તો સીધું ફી શિક્ષણથી શરું કરશે તો એની હરિફાઈ પણ શક્ય નથી. પછી સ્કૂલો કોની પાસે ફી માગશે ? જે સ્કૂલો આટલા વર્ષો ફી લઈને કમાઈ છે તેઓ શું એકાદ વર્ષ ફી શિક્ષણ ના આપી શકે ? જે જે શિક્ષકોએ પોતાનું લોહી રેડીને નિષ્ઠાથી ખાનગી સ્કૂલોને નામાંકિત કરી છે. સચ્ચાઈથી બાળકોને શિક્ષિત કર્યા છે એમને પુરો પગાર કેમ ના આપી શકાય ? આપવો જ જોઈએ. એમના થકી તો સંચાલકો કમાય છે. અને અત્યારના આ સંઘર્ષથી જ સ્કૂલ સંચાલકો જ ઓન લાઈન શિક્ષણની વ્યવસ્થાને મજબૂત કરાવશે. અને શિક્ષકો તો ઓન લાઈન ક્લાસિસ કરીને પણ ચલાવશે પણ આપણે ત્યા અનેક સ્કૂલો એવી છે કે જેના સંચાલકો બીજું કશુ જ કરી શકે તેમ નથી,. જો તેમની સ્કૂલો જ નહીં રહે તો.... ? માટે આ સમય ફી શિક્ષણ કરીને જો વિતાવશે તો હજી બધુ સારું થઈ શકશે. હા, ઓન લાઈનનો થોડો ઘણો જે ખર્ચ છે તે નવી ફી નીતિ બનાવીને લઈ શકાય. એના માટે કદાચ સરકાર પણ સહમત થશે જ. કોઈ માગણી કરે છે કે સરકાર વીસ લાખ કરોડના પેકેજમાંથી ખાનગી શિક્ષકોને પગાર ચૂકવે. પણ આજે મોટાભાગની સ્કૂલો શિક્ષકોને કેટલો પગાર આપે છે તે સૌ જાણે જ છે. તો આ એક વર્ષ કંઈ રીતે ભારે પડશે ?

બાકી આવનારા વર્ષોમાં આ ઔધોગિક ગ્રુપો ઓન લાઈન એજ્યુકેશન ક્ષેત્રમાં આવશે જ કેમ કે એમને માટે દેશ કક્ષાએ ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભૂ કરવાનો કોઈ પ્રશ્ન નથી. અને પછી નહી રહે ફીના પ્રશ્નો કે નહી રહે બીજી કોઈ ઝંઝટ. વળી બાળક ઘરમાં આંખોની સામે રહે, સ્કૂલ ડ્રેસની, કે ટિફિનની કે ઑટો રિક્ષા કે સ્કૂલબસ કે ભારેખમ દફતરની કોઈ ચિંતા જ નહી. અને આ ટાટા રિલાયન્સની સ્કૂલો હોય એટલે એના શિક્ષકોને પગાર પણ સારા, શિક્ષણ પણ ઉત્તમ. અને આવનારા વીસ - પચ્ચીસ વર્ષ પછી પ્રત્યેક ઘરમાં એક રોબોટ હશે જે તમારા બાળકોને શિક્ષણ આપતો હશે. અત્યારનો સમય મહાપરિવર્તનનો સમય છે. હવે પહેલાની દરેક પરંપરાઓના વિકલ્પો શોધવા જ પડશે. કેમ કે કોરોનાએ આખી માનવજાતને બતાવી દીધું છે કે જીવનમાં ગમે ત્યારે ગમે તે થઈ શકે છે. કોઈ સ્થિતિ સ્થિર નથી. અને હવે કોઈ પ્રથા કે પરંપરા લાંબી ચાલશે નહીં, પરિવર્તનો આવતા જ રહેશે, એને સ્વીકારવા જ પડશે. બસ માત્ર નવા પરિવર્તનોને પ્રગતિશીલ બનાવવા સૌએ પ્રયત્ન કરવો પડશે.

- 9426060601.india@gmail.com

'ન્યુ નોર્મલ' : જવાબ ફરજિયાત છે...!

રગળપાટ

અજય ઉપાધ્યાય

'દિલ બેચારા' ઓટીટી પ્લેટફોર્મ હોટસ્ટાર પર રીલીઝ થઈ ચૂકી છે અને સ્વાભાવિક છે કે યંગ અને એનરજેટીક શુશાંતના હસમુખા ચહેરા અને એકટિંગે અનેકો ચાહનેવાલો કો ઈમોશનલ કરી દીધા છે. ફિલ્મ સારી છે અને ખાસ તો શુશાંતની એક્ટિંગ ઉત્તમ છે. કોરોનાએ વર્લ્ડવાઈડ લાઈફસાઈકલની જે એક દો તીન કરી નાખી છે એમાની એક મનોરંજન ઈન્ડસ્ટ્રી પણ છે. ભલે શુશાંતની આખરી ફિલ્મ તરીકે ' દિલ બેચારા ' ને અભૂતપૂર્વ સફળતા મળે તો પણ આ જ ફિલ્મ જો થિયેટર્સમાં રીલીઝ થઈ હોત તો કહાની કઈક ઓર જ હોત એ હકીકત છે. ધીરેધીરે હૌલે હૌલે મનોરંજન જગત પૂરી સાવધાની કે સાથ ફરીથી કામ પર લાગી રહયું છે પણ એના સ્વરૂપો બદલાઈ રહ્યા છે. હિન્દી અને ગુજરાતી સિરિયલ્સના નવા એપિસોડ ચાલુ થઈ ગયા છે, અને ફીલ્મોના શૂટિંગ પણ. ફેમસ શો 'ધ કપિલ શર્મા શો' ના સેટ પરથી કપિલે એક વિડીયો શેર કર્યો છે. ઈનફેક્ટ વિડીયો શૂટિંગ ફરીથી શરૂ થઈ ચૂક્યું છે એ આનંદને દર્શકો - ચાહનેવાલો કે સાથ શેર કરવા માટે છે પણ આ ફેમસ શો માં દર્શકોને જગ્યાએ કાર્ડબોર્ડના ફોટાઓ (ઓડિયન્સના) મૂકવામાં આવ્યા છે. વિડીયો જોતાં જ શોક તો લાગ્યો જ કેમકે જે મજા આ અને આવા બીજા શો માં લાઈવ ઓડિયન્સની છે એ મજા ઓડિયન્સના કાર્ડબોર્ડ કટઆઉટમાં ક્યાં ? આવતા મહિનાથી ઓન એર થનારા આ શો નો એપિસોડ જોયા પછી એની અસરો વિષે વધુ ખ્યાલ આવશે પણ કોરોના એ જે ' ન્યુ નોર્મલ ' ની સ્ટેમ્પ દુનિયાભરના લોકો પર મારી છે એનું આ એક ઓર ઉદાહરણ છે.

'હવેથી મસાલા પાર્સલમાં જ મળશે' આવા સમાચારો પણ ન્યુ નોર્મલનો એક ભાગ જ બની ગયા છે અને એ જરૂરી પણ છે . હેન્ડ સેનિટાઈઝર, માસ્ક અનિવાર્ય બની ગયા છે અને જે એને અનિવાર્ય ના સમજતા હોય એમના માટે ૨૦૦ થી લઈને ૧૦૦૦ સુધીના દંડ હાજર જ છે. નાકની નીચે કે હડ્પચિએ ટેકવેલા માસ્કવાળા બહાદુરો આવા દંડ ભરી પણ રહ્યા છે. માસ્કના નામે ઉઘાડી લૂંટના સમાચારો પણ આવી રહ્યા છે. હેલ્મેટનો કાયદો હવે સાઈડમાં છે, 'હેલ્મેટ ના પહેરો તો વાંધો નહીં પણ માસ્ક પહેરો' આ ન્યુ નોર્મલ છે. પબ્લિક તો હેલ્મેટ માટે પણ ઉદાસ હતી અને માસ્ક માટે પણ. મોદીસાહેબ ભલે ને હાથ જોડીને ટીવી પર એમ કહેતા હોય કે 'દો ગજ કી દૂરી બનાયે રખ્ખે' પણ ટીવી અને છાપાઓમાં બજારો, મહોલ્લા કે જાહેર જગ્યાઓ પર કીડિયારાની જેમ ઉભરાઈ પડતી પરજા ના ફોટાઓ – રિપોર્ટો કોરોનાને પણ એમ વિચારવા મજબૂર કરી મૂકે છે કે 'હું આ લોકોનું શું બગાડી લઈશ?'...! કોરોના ક્યાં એરિયામાં છે અને આપણને ચેપ કેમ નહીં લાગે એના દરેક લોકો પાસે પોતપોતાના તારણો અને દલીલો છે અને એમાં એ ચોક્કસ છે. આ નોલેજ હોવું સારું છે પણ સાવધાની ક્યાં ?

બચ્ચાઓ 'પબજી' થી લઈને 'લૂડો' માં માસ્ટર થઈ ગયા છે. સ્કૂલો ક્યારે ખુલશે એ કોઈને ખબર નથી અને ખુલશે તો પહેલાની જેમ જ બધુ હશે એ કહેવું અત્યારે વધારે પડતું છે. ઓનલાઈન શિક્ષણ માં બધા ફેઈલ થઈ ગયા છે. ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણ વચ્ચે એક લાંબુ ચર્ચાસત્ર યોજાઈ શકે એમ છે. ઓનલાઈન શિક્ષણ એક હદ સુધી અને એક હદ સુધીના વિદ્યાર્થીઓએ માટે યોગ્ય છે પણ ભૂલકાઓ અને બાળકો માટે બોરિંગ છે... નિરર્થક છે... નકામું છે. પણ શું છે કે ભણતર ચાલુ રહેવું જોઈએ એમાં ઘણા બધાની ભલાઈ છે ! આવનારા સમયમાં શિક્ષણને વ્યવ